Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

—ભાદ્રપદ—આસો—

પુસ્તક ૭૭ મું
અંક ૧૧-૧૨
૧૫ મી સપ્ટેમ્બર

વીર સં. ૨૪૮૭
વિ. સં. ૨૦૧૭
ઇ. સ. ૧૯૬૧

★ ★

अंगपच्चंगसंठाणं,
चारुल्लविय-पेहियं ।
बंभचेररओ थीणं,
चक्खुगिज्झं विवज्जए ॥ ९ ॥

બ્રહ્મચર્ય પરાયણ ભિક્ષુ સ્ત્રીઓનાં અંગ પ્રત્યંગોના આકારોને, સ્ત્રીઓનાં લટકાળાં વચનોયુક્ત હાવભાવોને અને કટાક્ષોને ચક્ષુગ્રાહ્ય ન જ કરે—તે તરફ નજર જ ન કરે.

कूइयं रुइयं गीयं,
हसियं थणिय-कन्दियं ।
बंभचेररओ थीणं,
सोयगेज्झं विवज्जए ॥ १० ॥

સ્ત્રીઓનાં ઉંહકારા, રુદન, ગીત, હાસ્ય, ચીસો અને કરુણા આવી જાય એવા વિલાપોને બ્રહ્મચર્ય પરાયણ ભિક્ષુ કાન ઉપર ન જ ધરે.

—મહાવીર વાણી

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ : : વર્ષ ૭૭ મું : : વાર્ષિક લવાજમ ૩-૪-૦ પોસ્ટેજ સહિત

## अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | કાળની વિષમતા .... | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૧૨૯ |
| ૨ | શ્રી વર્દ્ધમાન મહાવીર : ૩૫ .... | .... .... (સ્વ૦ મૌક્તિક) | ૧૧૫ |
| ૩ | છતી આંખે આંધળો કોણ? .... | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૧૩૪ |
| ૪ | ધરતીકંપ યાને ભૂકંપ .... | (શ્રી હીરાલાલ ર. કાપડીયા M. A.) | ૧૩૬ |
| ૫ | કર્મપ્રકૃતિ અને તેના આઠ પ્રકારો | .... .... .... .... | ૧૩૮ |
| ૬ | મનનું પાપ (સુનંદા રૂપસેનનો રાસ) .... | (મુનિ મનમોહનવિજય) | ૧૪૨ |
| ૭ | વાર્ષિક અનુક્રમણિકા .... | .... .... .... .... | ૧૪૩ |



શા. ર દા. પૂ. જ ન. વિધિ

## જૈનવિધિ પ્રમાણે વહીપૂજન કરો

જૈનવિધિ પ્રમાણે વહીપૂજન-શારદાપૂજન કરવું તે ફાયદાકારક છે આ વિધિમાં પ્રાચીન શારદા સ્તોત્ર અર્થ સાથે છાપવામાં આવેલ છે. અનંતલબ્ધિનિધાન **શ્રી ગૌતમસ્વામીના** છંદો પણ સાથોસાથ આપવામાં આવેલ છે; તો દીપોત્સવી જેવા મંગળકારી દિવસોમાં આ માંગલિક વિધિ પ્રમાણે પૂજન કરવું તે અત્યંત લાભકારક છે. વાંચવી સૂગમ પડે તે માટે ગુજરાતી ભાષામાં જ છાપવામાં આવી છે.

**કિંમત : દશ નયા પૈસા** **સો નકલના રૂા. ૯-૦૦**

લખો—**શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર**


## ભાવનગરમાં પ્રતિષ્ઠા મહોત્સવ

શહેર ભાવનગરમાં વોરા બજારમાં ગોડીજી પાર્શ્વનાથનું મંદિર આવેલ છે. તેમાં ચૌમુખજીનું જિનાલય તૈયાર થતાં તેમાં ચારે શાશ્વતા ભગવંતોની પ્રતિષ્ઠા શ્રાવણ શુદ ૭ શુક્રવારના રોજ આચાર્યશ્રી વિજયોદયસૂરીશ્વરજી આદિની નીશ્રામાં થયેલ હતી આ અંગે અઠ્ઠાઇ મહોત્સવ કરવામાં આવેલ હતો. દરેક દિવસે જુદાજુદા ગ્રહસ્થો તરફથી જુદીજુદી પૂજા ભણાવામાં આવી હતી. છેલ્લે દિવસે અષ્ટોત્તરી સ્નાત્ર ભણાવામાં આવેલ હતું અને તે દિવસે નવકારશી કરવામાં આવેલ હતી. નવકારશીમાં લગભગ પંદરથી સોળ હજાર માણસો જમ્યા હશે, જમણ અંગેની વ્યવસ્થા બહુ પ્રશંસનીય હતી, આ પ્રસંગે પૂજા ભણાવવા અંગે અને રાત્રે ભાવના વખતે રાજકોટવાળા સંગીતકાર શ્રી રસીકલાલ શાહ આવેલ હતા અને છેલ્લા બે દિવસ મુંબઈવાળા સંગીતકાર શ્રી શાંતિલાલ શાહ આવેલ હતા તેથી પૂજા ભાવનામાં માનવ સમુદાય સારા પ્રમાણમાં હાજર રહેતો હતો.

卐

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૭૭ મું
અંક ૧૧-૧૨

ભાદ્રપદ—આસો

વીર સં. ૨૪૮૭
વિક્રમ સં. ૨૦૧૭

## કાળની વિષમતા

(દ્રુતવિલંબિત છંદ)

વિષમ કાળ થયો જગમાં છતો, અસમતા–વિષમિશ્રિત ગાજતો;
બહુ ફરે અસહાય ગરીબડા, પશુ હણાય વૃથા બહુ રાંકડા ૧
નહીં દયા રહી ન્યાય ન સાંપડે, ગરીબ રાંક ઘણા જન આથડે;
વિવિધ ભેદ પડ્યા જન લોકમાં, બહુ વિવાદ વિભેદ વધ્યા ઘણા. ૨
નિજતણી ગરિમા સહુ દાખવે, મુજ સમો નહીં કો' ઇમ વર્ણવે;
અતિવ ઉદ્ધતતા જગમાં વધી, વિનય ને સમબુદ્ધિ ન ત્યાં કહી. ૩
મદ અને અભિમાન સ્વયં તણા, મન અહંકૃતિ દૂષિત છે ઘણા;
ગજ સમાન ફુલાય ઘણા જુઓ, સ્વમનમાં બહુ દંભ ધરે અહો! ૪
સ્તુતિતણા નિજ ગાન કરાવતા, બહુ ફુલાય મન નહીં લાજતા;
જગતમાં ગણતો નિજને વડો, પણ ખરેખર એહ જ રાંકડો. ૫
નિજ વડાઇ લખે નિજ હાથથી, પ્રગટ તે કરતો કોઇ ભક્તથી;
કલહ તે કરતો સહુથી સદા, વિનય નષ્ટ સમૂળ થયો તદા. ૬
નિજતણે ગણતો નૃપ રાજવી, વિવિધ આણ વદે મુખથી નવી;
પણ ખરેખર પામર એહ છે, અતિવ મૂર્ખ અહંકૃતિ તેહ છે. ૭
ન ધરવો મન ગર્વ કદી અહો! વિનય સદ્‌ગુણ મૌલિક જાણવો;
નમન જે કરશે જિનને સદા, ભવજલે તરશે જઈ અપદા. ૮

કવિ–'સાહિત્યચંદ્ર' બાલચંદ હીરાચંદ–માલેગામ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વર્દ્ધમાન–મહાવીર

લેખાંક : ૩૬

વિચારણા :

આ ત્રિપૃષ્ઠના ચરિત્રને અંગે અનેક મુદ્દાઓ વિચારવા જેવા છે. એક વાત ખાસ ધ્યાન ખેંચે તેવી છે. સર્વ બળદેવો વયમાં વાસુદેવથી મોટા હોય છે, નાના ભાઈ વાસુદેવ પર બહુ સ્નેહવાળા હોય છે અને અંતે સર્વ સંસારનો ત્યાગ કરી સ્નેહનું અસ્થિરપણું વિચારી કૃતકૃત્ય થયા છે. રામ (બળભદ્ર) સિવાય સર્વ મોક્ષે ગયા છે. રામ પાંચમે દેવલોકે ગયા છે, ત્યાંથી આવતી ચોવીશીમાં તીર્થંકર થશે. નવે વાસુદેવો અઘોર સંહાર કરી સર્વ જુદીજુદી નારકીઓમાં ગયા છે અને પ્રતિવાસુદેવો પણ સર્વ નારકો થયા છે. રાજ્યને અંતે અધઃપાત કેવો થાય છે, તેના દાખલા આ વાસુદેવ પ્રતિવાસુદેવો પૂરા પાડે છે અને રાજ્યવૈભવ છતાં પણ ત્યાગ કરવાની શક્યતા બળદેવો પૂરી પાડે છે. સંસારમાં રહ્યા છતાં અંદરથી ત્યાગભાવ કેળવી શકાય છે અને અલિપ્ત ભાવે રાજ્યાસનના અધિકારીઓ જીવન સફળતા કરી શકે છે એ બાબત બળદેવની હકીકતો આશ્વાસન આપે છે. વાત એમાં એ છે કે સંસાર પરનો રાગ ગાઢ અને તીવ્ર ન હોવો જોઈએ. ત્યાગ માર્ગ વગર તો આરો નથી, પણ રાજવૈભવશાળી પણ ત્યાગી થઈ જીવન સફળ કરી શકે છે.

બાકી ત્રિપૃષ્ઠે આ ભવમાં આત્મવિકાસની દૃષ્ટિએ બહુ નુકસાન કર્યું. પૂર્વકાળમાં એણે જ્ઞાન અને અભ્યાસ કેળવવા માંડ્યા હતા અને વિશ્વભૂતિના (સોળમા) ભવમાં તો એણે સન્મુખતા સ્વીકારી તપ પણ ખૂબ કર્યો હતો, પણ વિશાખનંદી તરફથી થયેલી મશ્કરીને પરિણામે એનો પાત-થયો, એણે માનસિક વેર વિકસાવ્યું અને તપના યોગથી એને વાસુદેવની પદવી તો મળી, પણ એનો આખો વિકાસમાર્ગ ડહોળાઈ ગયો. અને તપના પ્રભાવે એને અસાધારણ બળ સાંપડ્યું એનો ઉપયોગ એણે આત્મસાધનમાં ન કરતાં લોહીની નદીઓ વહેવરાવવામાં અને રાજસત્તા જમાવવામાં કર્યો. અંતે એણે મેળવેલ રાજ્ય તો છોડી જવું પડ્યું, સેવા કરનારા રાજાઓ સેંકડો પત્નીઓ અને મોટી સંખ્યાના રાજસેવકો અહીં રહી ગયા અને પોતાને જાતે દરેક કૃતિના જવાબ આપવા સાતમી નારકીએ જવું પડ્યું.

ત્રિપૃષ્ઠને આખા ભવમાં નિરાંત મળી નહિ. મોટી સંખ્યા ઉપર રાજ્ય કરવું, અનેક રાજાઓને તાબામાં રાખવા, કોઈ રાજાને માથું ઊંચકવા દેવું નહિ, મોટી જમાબંદીઓ વસૂલ કરવી, નાના રાજાઓ પાસેથી ખંડણીઓ વસુલ કરવી અને રાજાઓ અંદર અંદર મળી જઈ બળવો ન ઉઠાવે તે માટે તેમની હકીકતથી વાકેફગાર રહેવું, તેમની હકીકતો જાસુસો મારફતે જાણવી, અનેક સ્ત્રીઓના પતિ થવામાં તેમના મિજાજો જાળવવા, તેમની ઇચ્છા પૂરી પાડવી, તેમને પરને વશ થવા ન દેવી અને રાજ્યના ન્યાયાસનની પવિત્રતા જાળવવી—આ સર્વ ખટપટમાં અને ખાસ કરીને મોટી લડાઈઓ લડવામાં અને સામ્રાજ્ય પ્રાપ્તિ થયા પછી લડાયક બળ જાળવી રાખવામાં એનો આખો સમય પસાર થઈ ગયો, એને આખા જીવનમાં આર્ત્ત અને રૌદ્ર ધ્યાનો જ ચાલુ રહ્યા, ને આખા ભવમાં આ સર્વ ખટપટ કોને માટે અને કેટલા વખત માટે કરાય છે એ વિચારવાનો સમય પણ મળ્યો નહિ અને અશ્વગ્રીવ સાથેના મહાવિગ્રહમાં અને ત્યાર પછી એણે જે શોણિત પ્રવાહ ચલાવ્યો તેનાથી એના જીવનમાં એક જાતની ક્રૂરતા આવી ગઈ. નયસારના ભવથી માંડીને તેણે જે આત્મવિકાસ આદર્યો હતો તેમાં પહેલો ધક્કો મરીચિના ભવમાં સાંપડ્યો, પણ તેના ઉપર એ જેમ તેમ કરી કાબૂ લાવવા મંડ્યા હતા, આ ત્યાં આ ત્રિપૃષ્ઠના ભવમાં પાછો ભારે આંચકો લાગી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગયો, છતાં સૂક્ષ્મ દૃષ્ટિએ ત્રિપૃષ્ઠનું આખું ચરિત્ર વિચારતાં એમ લાગ્યા વગર રહેતું નથી કે એણે ઘણી લડાઈઓ, તોફાનો, મારામારીઓ અને ધમાલો કરી, પણ એમાં એણે તાદાત્મ્ય થવા દીધું નથી. એમ ન હોય તો એનો આગળ જે વિકાસ થવાનો છે તે સંભવે નહિ. હાલ તો સાતમી નરકે એ મારામારી કાપાકાપીના કેવા જવાબ આપે છે, અશ્વગ્રીવ સાથે વસાવેલ વેરના કેવા બદલા ખમે છે અને કર્મના અચળ સિદ્ધાંતને કેમ નમે છે તે જોઈએ.

બાકી સ્વસુતાના બળથી એક માંડલિક રાજાનો નાનકડો પુત્ર આવા હારબંધ પરાક્રમો કરે, તદ્દન નાની વયમાં તુંગગિરિ પર મોટા ભયંકર સિંહને પોતાના હાથથી જડબે પકડી ચીરી નાખે અને અશ્વગ્રીવ જેવા મહાન રાજાની હરિફાઈમાં વગર ચિંતાએ સ્વયંપ્રભાને પરણવાની હામ ભીડે એનામાં કોઈ વિચિત્ર વિશિષ્ટ ચૈતન્ય જરૂર હોવું જોઈએ. એના આખા જીવનમાં સાહસ, બળ, હિંમત અને આત્મવિશ્વાસ ઝળહળતા દેખાઈ આવે છે. જેને તુંગગિરિ પર સિંહની બોડમાં વગર શંકાએ સામે ચાલી વગર હથિયારે આગળ આવવાની હામ હોય તેનું શરીર, તેનો કાબૂ, અને તેનો સ્વયં વિશ્વાસ કેટલો પાકો ભવ્ય અને ઊંડો હશે તે સમજી શકાય તેવું છે.

અને શારીરિક બળના વિકાસ સાથે એ વૈજ્ઞાનિક હતો. એણે જ્વલનજટી વિદ્યાધરના પરિચય અને સગપણ પછી વિજ્ઞાનમાં, નવનવાં શસ્ત્રો બનાવવામાં ખૂબ પ્રગતિ કરી હશે એમ જણાય છે, નહિ તો એક માંડલિક રાજાનો નાનકડો દીકરો આવા મોટા રાજા સામે પડવાની હામ ભીડી શકે નહિ. એટલે એણે શરીર અને જ્ઞાન પર કાબૂ સારી રીતે મેળવેલો હોય એમ જણાય છે. એના વિકાસમાં જ્ઞાન અને હિંમતનો સહયોગ દેખાય છે, એના સાહસમાં આત્મબળ દેખાય છે, એના વિકાસમાં તેજ દેખાય છે અને એના ગૌરવમાં ગાંભીર્ય દેખાય છે. એનો સિંહલદ્વીપના નૃપની પુત્રી વિજયવતી તરફના અરાગને બાદ કરીએ તો એનું કૌટુંબિક જીવન સારું હોય એમ લાગે છે, એનો બળભદ્ર અચળ પરનો સ્નેહ અનુકરણીય જણાય છે અને એનો આખો જીવનનો ઝોક સત્તાવાહિતા, અંદરની કુણાશ પણ બહારથી પ્રચંડ શાસનના ધોરણ પર રચાયેલો દેખાય છે. આપણે હવે એને ભયંકરમાં ભયંકર નરકાવાસમાં સત્તા અને ખુનામરકીનાં ફળ ભોગવતા જોઈએ અને અસાધારણ વેદનાઓમાં એનામાં ચાલુ રહેલા આત્મવીર્યનો વિકાસ અંદર ખાનેથી કેવો થાય છે તેને ભવિષ્યની લોકોપકારની મોટી તૈયારી કરતાં આત્મ તેજને વિકસાવતા અવલોકીએ.

આપણે ઉપર જોઈ ગયા તેમ ત્રિપૃષ્ઠ વાસુદેવનો સમય આ અવસર્પિણી કાળના ચોથા આરામાં અગિયારમા શ્રી શ્રેયાંસનાથ ભગવાનના સમયમાં થયો. જૈન તત્ત્વવેત્તાઓ કાળ ગણના કેવી રીતે કરે છે તે સમજી લેવા જેવું છે. એના આખા કાળચક્રનો અને આરાના ઉપર નીચે ચડવાનો ખ્યાલ સમજી લેવા જેવો છે[1] અને તે ઉપર ત્રેસઠ શલાકા પુરુષોની વાત અને હેમચન્દ્રાચાર્ય મહારાજનો તદ્વિષયક મહાકાવ્ય ગ્રંથ ઉલ્લેખ્યો છે તેની સમજણ પણ કરી લેવા જેવી છે. તેમાં જીવ સંખ્યા ઓછી પણ હોય છે. કોઈ એ બે પદ પણ ધારણ કરે છે અને કોઈ ગ્રંથ કરનાર ત્રાશી શલાકા પુરુષો પણ ગણે છે. એની સંક્ષિપ્ત વિચારણા કરવા યોગ્ય છે[2].

આ ચોવીશીમાં નવ વાસુદેવ, નવ પ્રતિવાસુદેવ અને નવ બળદેવ થયા, તેમનો સમય વગેરે હકીકત આ સાથે નોટ નં. ૫ માં આપી છે. આપણા ત્રિપૃષ્ઠ મહાશયને તેમાં પ્રથમ સ્થાન છે. એટલે વાસુદેવની હકીકત ખાસ પ્રસ્તુત બને છે.[3]

---

૧ કાળચક્રની સામાન્ય વિગત ગ્રંથને છેડે નોટ નં. ૩ માં આપવામાં આવી છે તે જિજ્ઞાસુએ જોવી.

૨ **ત્રેસઠ શલાકાપુરુષો** આ વિષય પર સંક્ષિપ્ત નોંધ માટે ગ્રંથને છેડે કરેલી નોંધ નં. ૪ જુઓ. નં. ૨ની પણ જુદા દૃષ્ટિબિંદુથી તે જ વિષય પરત્વેની છે.

૩ **વાસુદેવ-પ્રતિવાસુદેવ** અને **બળદેવની** સંક્ષિપ્ત નોંધ ગ્રંથને છેડે નોટ નં. ૫ માં આપી છે. તેના ચરિત્રનાં સ્થળોનો પણ ત્યાં નિર્દેશ કર્યો છે.

For Private And Personal Use Only

**ત્રેસઠ સલાકા પુરૂષ :**

દરેક ચોવીશીમાં ત્રેસઠ સ્થાને ઉત્તમ પુરૂષો આવે છે. એમને **સલાકા** પુરૂષ કહેવામાં આવે છે. એ સર્વ શક્તિશાળી અને છેવટે જરૂર મોક્ષ જનાર પુરૂષ હોય છે. કોઇ કોઈ મરણ પામીને સાતમી નરકે પણ જાય છે, પણ અંતે તેનો મોક્ષ જરૂર થાય છે. એ સર્વ પુરૂષો શરીરે ઘણા બળવાન મગજના અત્યંત બુદ્ધિશાળી અને અતુલ્ય આત્મબળવાળા હોય છે. એવા ત્રેસઠ સ્થાનો પર ભવ્ય જીવ જ આવે છે અને વહેલો મોડો તેમનો સંસારબંધનથી મોક્ષ જરૂર થવાનો હોય તેવી સત્તાવાળા જીવો જ એ સ્થાને આવે છે.

ત્રેસઠ સ્થાનો આ પ્રમાણે છેઃ ચોવીશ તીર્થંકર, બાર ચક્રવર્તી, નવ પ્રતિવાસુદેવ, નવ વાસુદેવ અને નવ બળદેવ.

**તીર્થંકરનો** જીવ છેલ્લા ભવમાં એની માતાની કુખમાં આવે છે તે રાત્રે માતા ચૌદ મહા સ્વપ્નાં દેખે છે. ચૌદ સ્વપ્નનાં નામો આ પ્રમાણે છેઃ હાથી, વૃષભ (બળદ), સિંહ, શ્રીદેવી, પુષ્પમાળા યુગલ, ચંદ્ર, સૂર્ય, ધ્વજ, કળશ, પદ્મસર, રત્નાકર (સમુદ્ર), દેવવિમાન, રત્નનો ઢગ અને નિર્ધૂમ અગ્નિ. આના ક્રમમાં ફેરફાર થાય છે. દાખલા તરીકે ઋષભદેવની માતા પ્રથમ વૃષભ જુએ, ત્યારે ઘણા તીર્થંકરની માતા પ્રથમ હાથી જુએ અને મહાવીર સ્વામીની માતાએ પ્રથમ સિંહ જોયો. એ રીતે ક્રમમાં ફેરફાર થાય છે, પણ સંખ્યા ચૌદની કાયમ રહે છે. તીર્થંકરની માતા ચૌદ સ્વપ્નો જુએ તે ખૂબ પ્રકાશમાન અને તેજસ્વી હોય છે. સ્વપ્ન રાતની વખતે બીજે પહોરે માતા જુએ છે. અનેક ભવ્ય જીવોને ઉપદેશ આપી સંસારથી હમેશને માટે મુક્તિનો માર્ગ દેખાડનાર અને મોટો વૈભવ હોવા છતાં તેને તજી દેનાર તીર્થંકર આખી દુનિયામાં નામના કરે છે. પોતાના તીર્થની સ્થાપના કરે છે અને અનેક પ્રાણીઓ પર ઉપકાર કરી અંતે તે જ ભવમાં મોક્ષ જાય છે. તેમની હયાતી બાદ તેમની પારંપરા ચાલુ રહે છે.

છ ખંડ પૃથ્વી સાધનાર **ચક્રવર્તી** એની માતાની કુક્ષીએ આવે તે રાત્રે તેમની માતા ચૌદ મહા સ્વપ્ન જુએ છે, તે ઉપર જણાવેલાં ચૌદ સ્વપ્નો હોય છે, પણ તેજ અને પ્રકાશમાં તે તીર્થંકરની માતા જુએ તેના પ્રમાણમાં સહજ ઝાંખા હોય છે. ચક્રવર્તી રાજ્યઋદ્ધિ વૈભવમાં રાચી જાય તો સાતમી નરકે પણ જાય, અનાસક્તિ ભાવ કેળવે તો દેવગતિમાં પણ જાય અને મોક્ષે પણ જાય. અંતે એનો મોક્ષ તો જરૂર થાય. ભરત મહારાજા જેવા તે જ ભવમાં મોક્ષ ગયા છે. જ્યારે બ્રહ્મદત્ત સુભૂમ જેવા સાતમી નરકે પણ ગયા છે. છતાં એ સલાકા પુરૂષ છે. ઉચ્ચ પ્રકારના જીવો હોય છે અને ચોક્કસ મોક્ષ જનાર પાકા ખમીરવાળા મહાન સત્વો હોય છે.

**પ્રતિવાસુદેવ**–ત્રણ ખંડ પૃથ્વી સાધે છે. એ જ્યારે માતાની કુખમાં આવે ત્યારે એની માતા ઉપર જણાવેલાં ચૌદ પૈકી સાત સ્વપ્નાં જુએ છે. એ મહેનત કરી ત્રણ ખંડ–અર્ધી પૃથ્વી હાથ કરે ત્યારે એને વાસુદેવ સાથે લડાઇ થાય છે, એ લડાઇમાં એ હારી જાય છે અને આખી તૈયાર કરેલ રાજઋદ્ધિ, મોટું લશ્કર અને ત્રણ ખંડ પૃથ્વી સીધા વાસુદેવના હાથમાં પડે છે. 'ખોદે ઉંદર અને ભોગવે ભોરીંગ'–જેવી એની દશા થાય છે અને એની આખી પ્રવૃત્તિ ધમધમાટ ભરેલી હોઈ એ તુરત તો નરકમાં જાય છે, પણ આખરે એ આત્મવીર્યનો ઉપયોગ કરી, જાતનો વિકાસ કરી મોક્ષે જરૂર જાય છે. બળવાન શક્તિશાળી આત્મા સંસારમાં ધમાલ કરે છે તે જ પાછો ઠેકાણે આવે ત્યારે શક્તિનો સદુપયોગ કરી આત્મનિસ્તાર બળવાનપણે કરે છે. આવા નવ પ્રતિવાસુદેવો દરેક ચોવીશીમાં થાય છે.

તેની સામે નવ **વાસુદેવો** થાય છે. તે પણ ખૂબ બળવાન હોય છે. પ્રતિવાસુદેવે જીતેલ પૃથ્વી, જમાવેલી રાજઋદ્ધિ અને કરેલી તૈયારીનો આખો લાભ વાસુદેવ લે છે. પ્રતિવાસુદેવ લડાઈના મેદાનમાં મરે છે અને દુર્ધ્યાનમાં પ્રાણ છોડે છે. એ સ્થાન પર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રણમેદાનમાં વાસુદેવનો રાજ્યાભિષેક થાય છે. આ વાસુદેવ એની માતાની કૂખમાં આવે ત્યારે તે રાત્રે એની માતા ચૌદ પૈકીનાં સાત સ્વપ્નાં જુએ છે. મોટે ભાગે તુરતમાં તો વાસુદેવો પણ નરકમાં જાય છે, પણ અંતે એનો મોક્ષ જરૂર થાય છે.

વાસુદેવ પહેલાં **બળદેવ** નામનો ભાઈ જન્મે છે. બંનેની માતાઓ જુદી હોય છે, પિતા એક હોય છે. બળદેવ એની માતાની કૂખમાં આવે ત્યારે એની માતા ચૌદ સ્વપ્નમાંથી ગમે તે ચાર જુએ છે. વાસુદેવ અને બળદેવને પરસ્પર બહુ હેત હોય છે, એ અપર માતાના પુત્રો હોવા છતાં સગા ભાઈઓ કરતાં પણ વધારે હેત અરસપરસ એકબીજા પર રાખે છે અને વાસુદેવના પ્રત્યેક કાર્યમાં તે અડગ-પણે અને પૂર્ણ સત્તાના દોરથી ખડા રહે છે. બળ-દેવ ઘણે ભાગે વાસુદેવ પછી મરણ પામે છે, ભાઈના મરણ પર એ ઉદ્વેગ પામે છે અને વૈરાગ્યવાસી થઈ જાય અને શુભગતિએ જાય છે, એનો છેવટે મોક્ષ નિયમા હોય છે. બળદેવ મોટા હોવા છતાં આણા વાસુદેવની વર્તે છે એ નોંધવા જેવી બાબત છે.

આ ત્રેસઠ સલાકા પુરુષોનાં જીવન વૃત્તાંતો વાંચવા વિચારવા યોગ્ય હોય છે. શાંતિનાથ, કુંથુનાથ, અર-નાથ તે જ ભવમાં ચક્રવર્તી થયા અને પાછા તે જ ભવમાં તીર્થંકર થયા, તેમ જ ત્રિપૃષ્ઠ વાસુદેવનો જીવ તે જ(ચાલુ) ચોવીશીમાં મહાવીર નામે ચોવીશ-મા તીર્થંકર થયા, એટલે કહેવાય છે ત્રેસઠ એવા પુરુષોના ૫૯ જીવો ગણી શકાય છે. સલાકાપુરુષનો મહિમા સ્થાનનો છે, એની શક્તિ સ્થૂળ અને આત્મિક છે અને એનાં તેજ તદ્દન અનોખાં છે.

**સ્વપ્નનો વિચાર**-સ્વપ્ન સંબંધી વિચાર અનેક ગ્રંથોમાં ચર્ચાયો છે, એનું આખું શાસ્ત્ર છે. એના પર આંગ્લ ભાષામાં અનેક ગ્રંથો લખાયા છે. અને જૈન તેમ જ જૈનેતર સાહિત્યમાં એના પર ખૂબ ઉલ્લેખ થયા છે. એ તપાસવાનો કે તેના પર વિચાર દર્શાવવાને અત્ર સ્થાન નથી, પણ એટલું તો જરૂર લાગે છે કે અનેક કારણે વિવિધ પ્રકારનાં સ્વપ્નાં પ્રાણીને આવે છે. એ સર્વ માત્ર મગજની મંદતાના આવિર્ભાવો છે કે ભવિષ્યમાં બનવાના બનાવોની આગાહી છે કે એમાં સત્ય શું છે એનો નિર્ણય કરવો મુશ્કેલ છે, પણ એ તદ્દન અર્થ વગરનાં છે એમ ગણી કાઢી શકાય તેવાં નથી. એ તદ્દન નિરર્થક નથી કે તદ્દન આકસ્મિક પણ નથી એમ ઘણા માનસશાસ્ત્રીઓની માન્યતા છે. એના ફલાદેશ પર ઘણું લખાણ થયેલું છે. સત્તાવીશમા ભવમાં સ્વપ્ન સંબંધી વધારે વિસ્તારથી વિચાર કરવાનો રહેશે. ત્યાં તો એના પર સ્વપ્નપાઠકો મોટો વિસ્તાર કરશે. દરમિયાન અત્રે ત્રેસઠ સલાકાપુરુષોનો ક્રમ બતાવ્યો અને તેના ચ્યવન વખતે તેમની માતા સ્વપ્નાં કેટલાં અને કેવાં દેખે તે ગ્રંથાનુસાર રજૂ કર્યું છે. સ્વપ્નનો આખો વિચાર વૈજ્ઞાનિક રીતે કરવા યોગ્ય છે અને તેને લગતું સાહિત્ય અભ્યસવા યોગ્ય છે. દરેક ચોવીશીમાં આવા ત્રેસઠ રત્નો જ પાકે અને વધારે ઓછા ન થાય તે કાળક્રમ અને ગણનાને અંગે પણ વિસ્તૃત સાહિત્ય છે અને તે પણ વિચારવા યોગ્ય છે. ઉત્સર્પિણી અને અવસર્પિણી એમ દરેકમાં એક એક ચોવીશી થાય છે. એટલે પ્રત્યેકનાં ત્રેસઠ સલાકાપુરુષનાં સ્થાનો તૈયાર થાય છે. એટલે એક આખા કાળચક્રમાં બે વખત ત્રેસઠ સલાકા પુરુષનાં સ્થાનો બને છે. આ વર્તમાન ચોવીશીમાં ઓગણસાઠ વ્યક્તિઓએ એ ત્રેસઠ સ્થાનને દીપાવ્યા. સ્વપ્ન વિચાર પર આગળ ઉપર મહાવીર જન્મ પ્રસંગે વિસ્તાર કરવામાં આવશે. (ચાલુ)

સ્વ. **મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)**

**સામાયિકમાં વાંચવા માટે**

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજનો સર્વશ્રેષ્ઠ ગ્રંથ
**જ્ઞાનસાર**-ગુજરાતી અનુવાદ સાથે અવશ્ય વાંચો
મૂલ્ય રૂપિયા ૨-૦-૦ લખો:—**શ્રી જૈન ધ. પ્ર. સ.-ભાવનગર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# છતી આંખે આંધળા કોણ ?

લેખક : બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર"

આંખો ઉઘાડી રાખી કેટલાએક માનવો આસપાસની બધી વસ્તુઓ જોઈ શકતા હોય છે, એને આંધળા કોઈ કહી શકે નહીં. પણ છતી આંખે એમનું વર્તન જ્યારે આંધળા જેવું જણાય છે ત્યારે આપણે આશ્ચર્ય પામીએ છીએ. અને એવા માનવોને મહા મૂર્ખ કહી બોલાવીએ છીએ. આંખો ઉઘાડી હોય અને સામો ખાડો હોય છતાં ય તે ખાડામાં જઇ પડે એ ઘટના ખરેખર વિચિત્ર લાગે છે. જેની આંખો જ ગઈ હોય અને તે જોઈ ન શકે ત્યારે એના પડવા માટે આપણને દયા આવે, પણ દેખતા માણસના આવા પડવા માટે આપણે એને દોષિત ગણી ઠપકો આપવાનું મન થાય. એવી જાતના આંધળાઓ માટે એક સુભાષિતકારે કહ્યું છે કે–

**दिवा पश्यति नोलूको, काको नक्तं न पश्यति**
**अपूर्व : कोऽपि कामान्धो दिवा नक्तं न पश्यति**

એટલે ઘુવડ દહાડે જોઇ શકતું નથી, ત્યારે કાગડો રાતના જોઈ શકતો નથી. પણ કામ વિકારથી આંધળો બનેલો માણસ એવો અપૂર્વ હોય છે કે, એ દિવસના અને રાતના કોઈ વખત પણ જોઈ શકતો નથી. સૂર્યના કિરણો ઘુવડની આંખને સહન થતા નહીં હોવાને લીધે એને આંખો છતાં એની દૃષ્ટિ નષ્ટ થઈ જાય છે. તેમ કાગડાને રાતમાં અંધત્વ આવી જાય છે; પણ કામ વિહ્વલ થએલો માનવ એટલો વિકારવશ થઇ જાય છે કે, પોતાની આસપાસ શું છે, કઈ પરિસ્થિતિમાં એ પોતાની પશવી લાલસાને આધીન થઇ રહેલો છે, પરિણામ શું આવશે, પોતાનું કુલ, પોતાનો દરજ્જો શું છે, પોતાના આત્માને એ કેટલા ઘોર કષ્ટોમાં મૂકી દેનારો છે એનું ભાન પણ એ ભૂલી જાય છે. આગળ જતા જનતાના અને પોતાના હિતસ્વીઓના પણ તિરસ્કારને કેટલો પાત્ર થશે એ જાણવાની એની બુદ્ધિ હતપ્રભ થઇ જાય છે. બીલાડી દૂધ જુએ છે અને પીઠ ઉપર પડનાર ડાંગ જેમ જોઈ શકતી નથી તેમ એ કામાંધ માનવ આંખ છતાં અંધાપો ભોગવે છે.

દારૂ કે ભાંગ પીધેલો મનુષ્ય જેમ ઘેલાઘેલા બકે જાય છે, માતા, ભગિની, સ્વસ્ત્રી કે પરસ્ત્રીનો ભેદ એ પારખી શકતો નથી. એનું મગજ બેહેર મારી ગએલું હોય છે. એ જ સ્થિતિ કામાંધ માણસ અનુભવે છે. જ્યારે એની મતિ જ ઠેકાણે ન હોય ત્યારે એ ભલે આંખ ઉઘાડી રાખી ચાલતો હોય છતાં એને આપણે આંધળો જ ગણીએ એમાં નવાઇ શાની ? વિકાર એવી ચીજ છે કે, એના સપાટામાં જ્યારે માનવ સપડાઈ જાય છે ત્યારે એની આંખો બંધ જ થઇ જાય છે.

જેમ કામની છાયામાં કામી બની મનુષ્ય આંધળો બની માનવતા ખોઇ બેસે છે, તેમ જ દ્રવ્યમદ માટે પણ કહી શકાય. જ્યારે દ્રવ્યના લોભની છાયામાં મનુષ્ય સપડાઈ જાય છે ત્યારે એ નહીં કરવાના કૃત્ય કરે જ જાય છે. ચોરી, લુચ્ચાઈ, ઠગબાજી કરવામાં એ પોતાની ચાતુરી માને છે. જેમ કામાંધને માતા, ભગિની કે પરસ્ત્રીની ઓળખાણ ભૂંસાઇ જાય છે, તેમ દ્રવ્યમદથી પીડાતા માનવને બંધુ, પિતા, મિત્ર, ગુરૂ કે શિષ્યની ઓળખાણ રહેતી નથી. નીતિ, ન્યાય કે માનવતા તેના મગજમાંથી પરવારી જાય છે. છળ, પ્રપંચ કે કાનુનની છટકબારીઓ શોધવામાં એ પોતાની બુદ્ધિનો ઉપયોગ કરે છે. દ્રવ્યના લોભના પાશમાં સપડાયા પછી એ ધર્મને ઠોકરે મારે છે. અને દ્રવ્યનો લોભ પોષવા માટે ધર્મનો ઉપયોગ કરવાને પણ અચકાતો નથી. ધર્મી ગણાવાથી જો પોતાનો લોભ પોષાતો હોય તો તે ધર્મી જનોનો સ્વાંગ સજવા માટે પણ તૈયાર હોય છે. દ્રવ્ય એ જ એનો દેવ અને દ્રવ્ય એ જ એનો ધર્મ થઈ બેસે છે.



For Private And Personal Use Only

એવો લોભાંધ માણસ પણ છતી આંખે આંધળો નહીં તો બીજું શું ?

કોઈ મનુષ્યને વિષમ જ્વરનો વ્યાધિ થાય છે ત્યારે અમુક સ્થિતિમાં એ ઉન્મત્ત થઈ જાય છે. ગમે તેમ બકે છે, પોતાના શરીરનું કે પહેરેલ વસ્ત્રનું પણ તેને ભાન હોતું નથી. ત્યારે તેને ઉન્માદ વાયુ થયો છે એમ મનાય છે. જ્યારે કોઈ પાસે વધારે પડતું દ્રવ્ય ભેગું થાય છે ત્યારે તેને દ્રવ્યનો મદ ચઢી જાય છે, અને એ દ્રવ્યના મદથી પીડાય છે, દરેકને એ તુચ્છ ગણે છે. બધાઓની સાથે એનું વર્તન ઉન્માદ જેવું થઈ જાય છે. ગમે તેવી ડહાપણની વાત પણ એ તુચ્છકારી કાઢે છે. આખા જગતમાં જાણે પોતે જ મુખ્ય હોય એવા ચાળા પોતાના વર્તનમાં કરે છે. બુદ્ધિનો ખજાનો જાણે પોતાને જ હિસ્સે આવેલો હોય એવું એ ગણે છે. એવી જાતના ઉન્માદ વખતે એ તદ્દન આંધળો બની જાય એ સ્વાભાવિક છે. છતી આંખે આંધળાનો એ પણ એક પ્રકાર છે. એની સામે ગમે તેવો બુદ્ધિમાન કે ડાહ્યો માણસ આવે તો પણ એ તેને મૂર્ખ જ ગણે છે. એ ઉન્માદમાં એનો સ્વભાવ તદ્દન વિવશ થઈ જાય છે. વધુ જ્ઞાન કે સમજણ મેળવવાનો માર્ગ એ રોકી દે છે, અને જરા જરા વાતમાં એની આંખમાં ક્રોધ ઝબકી ઉઠે છે. જ્યારે મનુષ્યને એવી પરિસ્થિતિમાં ક્રોધ આવી જાય છે ત્યારે એ પોતાના શરીરમાં પોતે જ અગ્નિ સળગાવી મૂકે છે. અન્યનું ભુંડુ એ કરી શકે કે ન પણ કરી શકે, પણ પોતાનું ભુંડું તો એ પ્રથમ કરી જ લે છે. એવા માણસને છતી આંખે આંધળો માનવામાં શું ખોટું છે ?

જેવો દ્રવ્યમદ છે તેવો જ બલમદ, અધિકારમદ અને જ્ઞાનમદ પણ અવસરે એવો જ ભાગ ભજવે છે. છતી આંખે એમની આંખ ઉપર પડલ છવાઈ જાય છે. કર્તવ્યાકર્તવ્યનો વિવેક ભૂલી જવાય છે. અને તુચ્છ વિચારોમાં પોતાનો કાળ એ નિર્ગમન કરે છે એવડી મૂર્ખાઈ !

એવા ઉઘાડી આંખે ખાડામાં પડનારાઓની આંખો ઉઘાડી હોય છે. પણ તેમની આંખનો અને મગજનો સંબંધ બંધ પડી ગએલો હોય છે. બુદ્ધિ અને વિવેક જાગૃત હોય તો આવો કૃત્રિમ અંધાપો કોઈને ન આવે. એ પહેરો ભરનાર સાચા હિતસ્વી વિવેકનો આપણે સાથ છોડી દીધેલો હોવાથી આપણે કેટલા નુકસાનમાં ઉતરીએ છીએ એનું ભાન આવી જાય તો તે મનુષ્ય અકૃત્ય કરવા લલચાય જ નહીં. અને છતી આંખે ખાડામાં પડવાનો અઘટિત પ્રસંગ તેને માટે ઉપસ્થિત થાય જ નહીં એટલા માટે જ આવા વિકારવશ થઈ જનારા માનવો માટે મહાન દયાળુ મહાત્માઓએ અનેક જાતના વ્રતો, નિયમો યોજેલા છે આપણે પોતે પૂર્વોક્ત વર્ણવેલ અંધાપામાં સપડાયેલા નથી ને ? એનો વિચાર પોતે કરી લેવો જોઈએ. અને એમ કાંઈ હોય તો એવા અંધાપા માટે યોગ્ય દવા કે ઉપચાર કરવા તત્પર થવું જોઈએ. એ જ અભ્યર્થના !


## બાર વ્રતની પૂજા અર્થ-સહિત

### [ તેમજ સ્નાત્રપૂજા ]

જેની ઘણા વખતથી માગણી રહ્યા કરતી હતી તે શ્રી બારવ્રતની પૂજા-અર્થ તેમજ સમજણ સાથેની પ્રગટ થઈ ચૂકી છે. સાથોસાથ સ્નાત્રપૂજા અને આરતી-મંગળદીવાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. અર્થ સમજીને આચરણ કરવા યોગ્ય છે. મૂલ્ય માત્ર પાંચ આના.

લખોઃ-શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધરતીકંપ યાને ભૂકંપ

લેખક : પ્રો. **હીરાલાલ ર. કાપડિયા** એમ. એ.

આપણે જે પૃથ્વી ઉપર વસીએ છીએ એ પૃથ્વીને અંગે જે પ્રાકૃતિક ઘટનાઓ બને અને પરિવર્તનો થાય તેનાં કારણ વગેરે જાણવા માટે બનતી તપાસ પરાપૂર્વથી થતી આવી છે. જૈન સાહિત્ય પણ આ વાતની સાક્ષી પૂરે છે. એમાં ભૂગોળ અને ખગોળ સંબંધી કેટલીક માહિતી અપાયેલી છે. ભૂમિના વિકાર અને વિકારના ફળનો એમાં વિચાર કરાયો છે એમ એના ઉપલબ્ધ અને અનુપલબ્ધ ગ્રંથો ઉપરથી અનુમાન થઈ શકે તેમ છે.

જૈન આગમોમાં **દિટ્ટિવાય** અને તેમાં પણ એના મહાકાય વિભાગરૂપ 'પુવ્વગય' (પૂર્વગત) ઘણું મહત્ત્વનું સ્થાન ભોગવે છે. પુવ્વગયના ચૌદ પેટાવિભાગને ચૌદ પુવ્વ(પૂર્વ) તરીકે ઓળખાવાય છે. નવમા પુવ્વના ત્રીજા 'આયાર' નામના વત્થુ (વસ્તુ)માં 'નિમિત્તપાહુડ' (નિમિત્તપ્રાભૃત) હતું એમ **સૂયગડ**( સુય. ૧, અ. ૧૨, ગા. ૯ )ની **શીલાંક**સૂરિકૃત ટીકા( પત્ર ૨૨૨ આ ) જોતાં અનુમનાય એમાં નિમ્નલિખિત આઠ નિમિત્તો વિષે વિસ્તૃત વર્ણન હશે:–

(૧) ભૌમ, (૨) સ્વપ્ન, (૩) અંતરિક્ષ, (૪) દિવ્ય, (૫) આંગ, (૬) સ્વર, (૭) લક્ષણ અને (૮) વ્યંજન.

આ પૈકી 'ભૌમ' એટલે ભૂમિના વિકારને લગતું. આ નિમિત્તનું નિરૂપણ ધરતીકંપ યા ને ભૂકંપ (earthquake) ઉપર જરૂર પ્રકાશ પાડે. આ 'ભૌમ' માટેનો પાઈય(પ્રાકૃત) શબ્દ 'ભોમ' છે. એનો ઉલ્લેખ **ઉત્તરજ્ઝયણ** (અ. ૧૫, ગા. ૭)માં **સમવાય**(સ. ૨૯)માં અને **વિસેસાવસ્સયભાસ** (ગા. ૨૧૬૩ )માં તેમ જ **પવયણસારુદ્ધાર** (ગા. ૧૪૦૫)માં છે. એથી આ ગ્રંથોનાં વિવરણોમાં 'ભૌમ' વિષે કેટલીક માહિતી અપાઈ છે.

**અંગવિજ્જા**માં 'ભૂકંપ' શબ્દ જણાતો નથી. શું એમાં ધરતીકંપ વિષે કોઈ ઉલ્લેખ છે ?

ભૌમ વગેરે આઠ [1]નિમિત્તોને લગતાં શાસ્ત્રોનો 'પાપ-શ્રુત' તરીકે નિર્દેશ જોવાય છે. પરંતુ એનો સદુપયોગ કરનારને માટે તો એનો નિષેધ નથી.

આઠે નિમિત્તના ભૂત, વર્તમાન અને ભવિષ્યની દૃષ્ટિએ એમ ત્રણ ત્રણ રીતે વિચાર થઈ શકે છે. એથી 'ભૌમ'ના પણ ત્રણ પ્રકાર પડે છે.

'અંગશાસ્ત્ર' સિવાયનાં નિમિત્તશાસ્ત્રોનાં સૂત્રોનું પરિમાણ ૧૨૫૦ શ્લોક જેવડું છે ત્યારે એની વૃત્તિનું પરિમાણ એથી દસગણું અને પરિભાષાનું તો એથી પણ સોગણું છે એમ **સૂયગડ**(સુય. ૧, અ. ૧૨, ગા. ૯ )ની ટીકા( પત્ર ૨૨૨ આ–૨૨૩ અ )માં **શીલાંક**સૂરિએ કહ્યું છે.

**સમવાય**(સ. ૨૯)ની વૃત્તિમાં અભયદેવસૂરિએ નીચે મુજબનું વિધાન કર્યું છે:–

અંગશાસ્ત્રો સિવાયના ભૌમ, [2]ઉત્પાત, સ્વપ્ન, અંતરિક્ષ, સ્વર, વ્યંજન અને લક્ષણ એ સાત શાસ્ત્રોની સંખ્યા એકેક હજારની છે, એની વૃત્તિ એક લાખ શ્લોક જેવડી છે અને એ વૃત્તિના વ્યાખ્યાનરૂપ વાર્તિક એક કરોડ શ્લોક જેવડું છે.

**પવયણસારુદ્ધાર**( ગા. ૧૪૦૫ )ની વૃત્તિમાં કહ્યું છે કે જ્યારે પૃથ્વી મોટા અવાજપૂર્વક કંપે ત્યારે સેનાપતિ, પ્રધાન, રાજા રાષ્ટ્ર પીડા પામે.

જૈન કૃતિઓ પૈકી કોઈમાં પણ 'ભારત' વર્ષમાં પ્રાચીન સમયમાં ક્યારે ક્યારે અને ક્યાં ક્યાં ધરતીકંપો થયા તેની સળંગ નોંધ હોય એમ જણાતું

૧ આ સંબંધી વિવિધ કૃતિઓની નોંધ મેં **પાઇય (પ્રાકૃત) ભાષાઓ અને સાહિત્ય** નામના મારા પુસ્તક ( પૃ. ૧૬૬–૧૬૯ )માં લીધી છે.

૨ વીતભયનગરનો ધૂળની વૃષ્ટિ કરી નગરદેવતાએ નાશ કર્યો હતો એમ આવસ્સયની હારિભદ્રીય ટીકા વગેરેમાં ઉલ્લેખ છે. કોઈક નગરમાં લોહીના જેવી વૃષ્ટિ થયાનું પણ જાણવા મળે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી. સમુદ્રના તળિયે ધરતીકંપો થતાં મોજાં ઉછળે પરંતુ એથી જમીન ઉપર રહેનાર-ફરનારને ભાગ્યે જ અસર થાય. આથી મોટે ભાગે જમીન ઉપરના ધરતીકંપો વિષે ઉલ્લેખ જોવાય છે. એક કામચલાઉ યાદી હું અહીં રજુ કરું છું.

દિલ્હી (ઈ. સ. ૧૭૨૦), કલકત્તા (ઈ. સ. ૧૭૩૭), પૂર્વ બંગાળ અને આરાકાન કિનારો (ઈ. સ. ૧૭૬૨), કચ્છ (ઈ. સ. ૧૮૧૯), કાશ્મીર (ઈ. સ. ૧૮૮૫), બંગાળ (ઈ. સ. ૧૮૮૫), આસામ (ઈ. સ. ૧૮૯૭), કાંગરા (ઈ. સ. ૧૯૦૫), ઉત્તર બિહાર (ઈ. સ. ૧૯૩૪), પશ્ચિમ બલુચિસ્તાન (ઈ. સ. ૧૯૩૫[3]), અને આસામ (ઈ. સ. ૧૯૫૦).

શ્રમણ ભગવાન મહાવીરસ્વામીના જન્માભિષેક વખતે 'મેરુ' પર્વત કંપાયમાન થયાનું **મહાનિસીહ**માં તેમ જ હૈમ **ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર** વગેરેમાં ઉલ્લેખ છે. આ **ત્રિષષ્ટિ**(પર્વ ૧૦, સર્ગ ૨, શ્લો. ૬૪)માં પૃથ્વી કંપ્યાની વાત છે. શું એથી ધરતીકંપ થયો એમ સમજવાનું છે?

બાલબ્રહ્મચારી **નેમિનાથે** વાસુદેવ **કૃષ્ણની** દ્વારકાની આયુધશાળામાં જઈ શંખનાદ કર્યો ત્યારે પૃથ્વી ક્ષોભ પામી-કંપાયમાન થઈ એમ **ત્રિષષ્ટિ૦** (પર્વ ૮, સર્ગ ૯, શ્લો. ૧૭)માં કહ્યું છે. શું આ બનાવ ધરતીકંપ સાથે સંબદ્ધ ગણાય ખરો?

**ગુર્વાવલી**(શ્લો. ૨૬૩)માં ભીમપલ્લીના ભાવિ ભંગ વિષે ઉલ્લેખ છે. એ ભંગ થશે એમ ધર્મઘોષસૂરિના શિષ્ય **સોમપ્રભસૂરિએ** કહ્યું હતું. એ ભંગ ક્યારે અને શાથી થયો તે વિષે કોઈ સ્પષ્ટ ઉલ્લેખ જાણવામાં નથી. એ ભંગ વિ. સં. ૧૩૩૨ થી ૧૩૭૩ ના ગાળામાં થયો હશે એમ **સોમપ્રભસૂરિનો** આચાર્યપર્યાય જોતાં કહી શકાય, પરંતુ આ ભંગ ભૂકંપને લીધે હતો કે કેમ તે જાણવું બાકી રહે છે. 'વલભી'નો ત્રણ વાર ભંગ થયાના ઉલ્લેખ મળે છે. શું એ પૈકી એકે ધરતીકંપને આભારી છે?

ધરતીકંપ શાથી થાય છે એ વિષે પ્રાચીન સમયમાં આપણા દેશમાં જાતજાતની માન્યતા પ્રવર્તતી હતી. હિન્દુઓના (૧) વૈદિક, (૨) જૈન અને (૩) બૌદ્ધ એમ જે ત્રણ પ્રકારો કેટલાક સૂચવે છે. એ પ્રત્યેકની માન્યતા હું ક્રમશઃ દર્શાવું છું:-

૧ **વૈદિક મંતવ્ય**-(૧) કેટલાક વૈદિક હિન્દુઓના મતે પૃથ્વી શેષનાગની ફેણ ઉપર રહેલી છે. એથી જ્યારે શેષનાગ ફેણ આમથી તેમ જરા પણ ફેરવે ત્યારે ધરતીકંપ થાય છે. આવા કોઈ શેષનાગની કલ્પના કોઈ જૈન કે બૌદ્ધ કૃતિમાં પોતાના મંતવ્ય તરીકે રજૂ કરાયેલી જોવાતી નથી.

૨ **જૈન મંતવ્ય**-આપણે મનુષ્યો જે પૃથ્વી ઉપર વસીએ છીએ તે 'રત્નપ્રભા' નામની પૃથ્વીનો ઉપરનો ભાગ છે. એ 'રત્નપ્રભા' પૃથ્વીની નીચે સ્થૂળ પુદ્‌ગલો પડે તો આપણી પૃથ્વીના કોઈ એક ભાગમાં ધરતીકંપ થાય. આવા ધરતીકંપનાં બીજા પણ બે કારણો ઠાણ નામના જૈન આગમ (સુત્ત ૧૯૮)માં નીચે મુજબ દર્શાવાયાં છે:-

(૧) કોઈ **મહેશ** નામનો મહોરગ પૃથ્વીની નીચે કૂદાકૂદ કરે.

(૨) પૃથ્વીની નીચે નાગકુમાર અને સુવર્ણકુમાર નામના ભવનપતિ દેવોના બે પ્રકારના દેવો વચ્ચે યુદ્ધ થાય.

આ જ આગમ (સુત્ત ૧૯૮)માં સમગ્ર પૃથ્વીમાં ધરતીકંપ થવાનાં પણ ત્રણ કારણો નીચે પ્રમાણે જણાવાયાં છે:-

(૧) પૃથ્વીની નીચેના 'ઘનવાત' વાયુ વ્યાકુળ બને અને એથી 'ઘનોદધિ' નામના સમુદ્રમાં તોફાન જાગે

(૨) કોઈ **મહેશ** નામનો મહોરગ નામનો દેવ કોઈ શ્રમણ-બ્રાહ્મણને પોતાનું સામર્થ્ય દર્શાવવા માટે પૃથ્વીને ચલિત કરે

(૧) દેવો અને અસુરો વચ્ચે યુદ્ધ જાગે. 'દેવો'થી જ્યોતિષ અને વૈમાનિક સમજવા અને 'અસુરો'થી ભવનપતિ અને વ્યંતર સમજવા.

3 જુઓ Geology of India (p. 28).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કર્મપ્રકૃતિ અને તેના આઠ પ્રકારો

પુદ્‌ગલને વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ હોય છે પરમાણુની સંખ્યા પ્રમાણે આ પુદ્‌ગલની અનેક જાતો પડે છે એટલે કે દરેક જાતમાં ઓછાવત્તા પરમાણુઓ રહેલા હોય છે. એકેક પરમાણુ અલગ અલગ હોય એવી એક જાત છે. બબ્બે પરમાણુઓ ભેગા મળીને બનેલા પુદ્‌ગલોની બીજી જાત છે એટલે કે એ જાતના બબ્બે પરમાણુવાળા પુદ્‌ગલો છે. એ પ્રમાણે ત્રણ ત્રણથી માંડીને તે અગણિત પરમાણુઓ-થી બનેલા પુદ્‌ગલોની જુદી જુદી જાત છે. એ દરેક જાતનું 'વર્ગણા' એવું સામાન્ય નામ છે. કેટલીક જાતનાં ખાસ નામો પણ છે. એમાંની એક જાત તે 'કર્મણ વર્ગણા' છે. એ અગણિત પરમાણુઓના બનેલા પુદ્‌ગલોનો સમુદાય છે, પરંતુ એ સૂક્ષ્મ હોવાથી આપણે એને જોઈ શકીએ તેમ નથી. અને એથી આપણને એના વર્ણ વગેરેની ખબર પડે તેમ નથી.

કાર્મણ વર્ગણા દુનિયામાં બધે છે. એવું એકે સ્થળ નથી કે જ્યાં એ ન હોય. કેટલીક કાર્મણ વર્ગણા કેટલીક વખત સ્થિર હોય છે તો કેટલીક કોઈ કોઈ વખત ગતિ કરતી હોય છે.

જ્યારે સંસારી જીવ પ્રવૃત્તિ કરે ત્યારે જેમ લોહચુંબક લોઢાને ખેંચે છે તેમ જીવ પોતાની હદમાં રહેલી અને સ્થિર એવી કાર્મણ વર્ગણાને ગ્રહણ કરે છે. પછી જેમ દૂધમાં પાણી મળી જાય તેમ એ આત્મા સાથે એકમેક થઈ જાય છે. તેમ થતાં કાર્મણ વર્ગણાનું જે રૂપાંતર થાય છે તે 'કર્મ' કહેવાય છે. આ કર્મમાં અને જે કાર્મણ વર્ગણાનું એ રૂપાંતર બને છે એ બંનેમાં પરમાણુઓની સંખ્યા તો એકસરખી જ છે, પરંતુ કાર્મણ વર્ગણાના રસ કરતાં આ કર્મમાં અનંતગણો રસ છે એ આ બે વચ્ચે એક ખાસ તફાવત છે.

સંસારી જીવ સ્વભાવે અમૂર્ત છે એટલે કે એને રૂપ, રસ, ગંધ કે સ્પર્શ નથી; તેમ છતાં એ સંસારી જીવ અનાદિ કાળથી કર્મ સાથે જોડાયેલો હોવાથી મૂર્ત જેવો થઇ ગયો છે, અને એથી એ મૂર્ત એવી કાર્મણ વર્ગણાને ગ્રહણ કરે છે. જેમ

---

૩ **બૌદ્ધ મંતવ્ય**–બૌદ્ધોના અંગુત્તરનિકાય (૮, ૭૦)માં ધરતીકંપ ક્યારે ક્યારે તે બાબત આઠ કારણ રજૂ કરાયાં છેઃ–

(૧) પૃથ્વીની નીચે આવેલો મહાવાયુ જોરમાં ફૂંકાતા જળ કંપિત બને છે એટલે એ જળ ઉપર રહેલી પૃથ્વી પણ કંપિત થાય છે.

(૨) કોઇ શ્રમણ–બ્રાહ્મણ પોતાની ઋદ્ધિના બળ વડે પૃથ્વી ભાવનાને ભાવે.

(૩) બોધિસત્ત્વ માતાના ગર્ભમાં આવે.

(૪) બોધિસત્ત્વ માતાની કૂક્ષિમાંથી બહાર આવે.

(૫) તથાગતને અનુત્તર જ્ઞાનનો લાભ થાય.

(૬) તથાગત ધર્મચક્ર પ્રવર્તાવે.

(૭) તથાગત આયુષ્ય-સંસ્કારનો નાશ કરે.

(૮) તથાગત નિર્વાણ લાભ કરે.[1]

એમ કહેવાય છે કે કેટલીકવાર ધરતીકંપની સાથે સાથે [2]જ્વાળામુખી પણ પોતાનું જોર જણાવે છે. જાણે દુકાળમાં અધિક માસ.

ધરતીકંપ વિષે આગાહી તેમ જ એ થતાં લેવી જોઇતી સાવચેતી બાબત કોઈ ઉપલબ્ધ પ્રાચીન જૈન કૃતિમાં નિરૂપણ છે ખરું ? જો હોય તો શેમાં તે સૂચવવા સજ્જનો કૃપા કરશે ?

૧ જુઓ સ્થાનાંગ-સમવાય (પૃ. ૫૬૩-૫૬૪).

૨ આને અંગે મેં "જ્ઞાન પ્રચારક મંડળી"ના ઉપક્રમે તા. ૨૪-૨-'૫૨ ને રોજ મુંબઈમાં ભાષણ આપ્યું હતું. અને એ છપાવાયું હતું.



For Private And Personal Use Only

દીવો વાટની મારફતે તેલને ગ્રહણ કરી પોતાની ગરમીથી તેને જ્વાલારૂપ બનાવે છે તેમ સંસારી જીવ ક્રોધ વગેરે વિકારને વશ થઇ કાર્મણ વર્ગણાને ગ્રહણ કરી તેને કર્મરૂપ બનાવે છે. એ જ વખતે એણે ગ્રહણ કરેલાં કર્મમાં અનેક સ્વભાવોનું નિર્માણ થાય છે જેમ ગાય, ભેંસ, બકરી વગેરે ઘાસ ખાઇ એ ઘાસનું દૂધ બનાવે છે એ જ વેળાએ એ દૂધમાં મીઠાશ, ચીકાશ, પાતળાપણું વગેરે અનેક સ્વભાવોનું નિર્માણ થાય છે, તેમ સંસારી જીવ કાર્મણ વર્ગણા ગ્રહણ કરી તેને કર્મરૂપ બનાવે છે એ જ વખતે એ કર્મના અનેક સ્વભાવો બને છે. એ સ્વભાવો આપણને દેખાતા નથી પરંતુ એની જે અસરો થાય છે તે ઉપરથી આપણે એ જાણી શકીએ છીએ. એ સ્વભાવોને આપણે આઠ વર્ગમાં વહેંચી શકીએ છીએ. એના નામ નીચે મુજબ છેઃ—

(૧) જ્ઞાનાવરણ, (૨) દર્શનાવરણ, (૩) વેદનીય, (૪) મોહનીય, (૫) આયુષ્ય, (૬) નામ, (૭) ગોત્ર, અને (૮) અંતરાય.

આ આઠે કર્મના સ્વભાવ છે એથી એ દરેકને 'કર્મપ્રકૃતિ' કહેવામાં આવે છે, કેમકે પ્રકૃતિનો અર્થ 'સ્વભાવ' થાય છે. આ આઠે કર્મપ્રકૃતિને 'કર્મની મૂળ પ્રકૃતિ' તરીકે ઓળખાવાય છે, કેમકે એ મુખ્ય છે અને એ દરેકના ઓછાવત્તા પેટાવિભાગો છે. એ પેટાવિભાગોને 'કર્મની ઉત્તર પ્રકૃતિ' તરીકે ઓળખાવાય છે, આપણે મોટે ભાગે કર્મની મૂળ પ્રકૃતિઓનો જ વિચાર કરશું, અને એને માટે 'કર્મ' એવો શબ્દ વાપરશું કેમકે કર્મપ્રકૃતિને બદલે 'કર્મ' શબ્દ પણ વપરાય છે.

જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય એ ચાર કર્મો આત્માના જ્ઞાન વગેરે મૂળ ગુણને ઢાંકી દે છે એટલું જ નહિ, પરંતુ એનો લગભગ નાશ જ કરે છે, એથી એને 'ઘાતીકર્મ' કહેવામાં આવે છે બાકીના ચાર કર્મો આત્મા ઉપર એટલી બધી ખરાબ અસરકરતા નથી એથી એને 'અઘાતીકર્મ' કહેવામાં આવે છે.

હવે આપણે આ આઠે કર્મનું સ્વરૂપ વિચારીશું અને એનો સ્પષ્ટ ખ્યાલ આવે તે માટે જે અમુક વસ્તુઓ સાથે કર્મને સરખાવાયાં છે તેનો પણ સાથે સાથે વિચાર કરીશું.

**જ્ઞાનાવરણ**—જે કર્મ જીવના જ્ઞાનરૂપ ગુણને ઢાંકી દે તે કર્મ 'જ્ઞાનાવરણ' કે 'જ્ઞાનાવરણીય' કહેવાય છે. જેમ જેમ એ કર્મ અને એનું જોર ઓછું થતું જાય તેમ તેમ જ્ઞાન વધારે થતું જાય. એ કર્મનો તદ્દન નાશ થતાં સંસારી જીવને દરેકે દરેક ચીજનું પૂરેપૂરું જ્ઞાન થાય એવા જ્ઞાનને 'કેવલજ્ઞાન' કહેવામાં આવે છે.

જ્ઞાનવરણ કર્મને 'પટ' સાથે સરખાવાય છે. એ પટનો અર્થ 'સુતરનું કપડું' એવો કરાય છે. આંખની સામે કોઇ પટ, પાટો કે બીજું કોઈ આવરણ આવી જાય તો કોઇ પણ ચીજ બરાબર દેખી શકાતી નથી તેમ આત્માની જ્ઞાનરૂપ આંખની સામે જ્ઞાનાવરણ કર્મરૂપ પટ કે એવું કોઈ આવરણ આવી જાય તો એ આત્મા કોઇ પણ ચીજ બરાબર જાણી શકતો નથી. એ આવરણ પૂરેપૂરું ખસે તો બધું જ્ઞાન થાય.

**દર્શનાવરણ**—'દર્શન' શબ્દનાં ત્રણ અર્થો થાય છેઃ (૧) ધર્મ, (૨) શ્રદ્ધા અને (૩) સામાન્ય બોધ. અહીં એનો સામાન્ય બોધ એ અર્થ કરવાનો છે. આ અર્થવાળા દર્શનને દબાવનારું કર્મ 'દર્શનાવરણ' કે 'દર્શનાવરણીય' કહેવાય છે.

દર્શનાવરણ કર્મને દ્વારપાળ સાથે સરખાવાય છે. દ્વારપાળનો અર્થ 'પ્રતીહાર' 'દરવાન' અથવા 'પોળીયો' થાય છે. એથી દર્શનાવરણ કર્મને પ્રતીહાર, દરવાન કે પોળીયા તરીકે પણ ઓળખવાય છે.

જેમ કોઈ દ્વારપાળ પોતાના અન્નદાતાને મળવા માટે આવનારને રોકી રાખે તેવી રીતે દર્શનાવરણરૂપ દ્વારપાળ આત્માને કોઇ પણ ચીજનું દર્શન કરતાં રોકી રાખે છે.

**વેદનીય**—જે કર્મ સુખ કે દુઃખનો અનુભવ કરાવે તે કર્મ 'વેદનીય' કહેવાય છે. સુખનો અનુ-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભવ કરાવનારા કર્મને ‘ સાતવેદનીય ’ અને દુઃખનો અનુભવ કરાવનારા કર્મને ‘ અસાતવેદનીય ’ કહેવામાં આવે છે; કેમકે ‘ સાત ’ નો અર્થ ‘ સુખ ’ અને ‘અસાત ’ નો અર્થ ‘ દુઃખ ’ થાય છે.

વેદનીય કર્મને મધ ચોપડેલા પાનાવાળી તલવાર સાથે સરખાવાય છે. એ તરવારનું પાનું ચાટતાં સ્વાદ લાગે તેના જેવો અનુભવ સાતવેદનીય કર્મ ભોગવતાં થાય છે. અને ચાટતાં જીભ કપાય અને દુઃખ થાય તેના જેવો અનુભવ અસાતવેદનીય કર્મ ભોગવતાં થાય છે.

**મોહનીય**—યોગ્ય રીતે વર્તવું જોઇએ એમ માનનાર તેમ જ યોગ્ય વર્તનને જાણનાર જીવને સાચી શ્રદ્ધાથી તેમજ યોગ્ય વર્તનથી વિમુખ રાખનારું કર્મ ‘ મોહનીય ’ કહેવાય છે.

મદિરા સાથે મોહનીય કર્મને સરખાવાય છે. મદિરા પીવાથી જીવ જેમ પરવશ ને નિર્વિવેકી બને છે તેમ મોહનીય કર્મને વશ થયેલો જીવ સાચા ખોટાની માન્યતાથી, એના ભાનથી અને યોગ્ય વર્તનથી રહિત બને છે એટલે એનું જીવન ઢંગધડા વગરનું બને છે.

**આયુષ્ય**—જે જીવ માણસ, તિર્યંચ ઇત્યાદિ જે ગતિમાં જન્મેલો હોય તેને તે જીવતો રહે ત્યાં સુધી તે જ ગતિનું જીવન ગાળવાની ફરજ પાડનારું કર્મ ‘ આયુષ્ય કર્મ ’ કહેવાય છે.

આયુષ્યકર્મને બેડીની ઉપમા અપાય છે. જેમ રાજાએ કોઇ ચોરને બંદીખાને નાખ્યો હોય અને તેને પગે બેડી પહેરાવી હોય તો તેનાથી પોતાની ઇચ્છા પ્રમાણે હરાય ફરાય નહિ તેમ જ્યાં સુધી આયુષ્યકર્મ પુરેપુરું ભોગવાઇ ન રહે ત્યાં સુધી જીવે જે ગતિનું આયુષ્યકર્મ બાંધ્યું હોય તે જ ગતિમાં રહેવું પડે.

**નામ**—જીવને સારું કે ખરાબ રૂપ, કીર્તિ કે અપકીર્તિ વગેરે મેળવી આપનારું કર્મ ‘ નામકર્મ ’ કહેવાય છે.

ચિત્રકાર સાથે નામકર્મને સરખાવાય છે જેમ જાતજાતનાં ચિત્રો ચિત્રકાર ચિતરે છે તેમ નામકર્મ જીવને અનેક જાતનાં શરીર, અવયવો, આકાર, રૂપ, રસ, રંગ, ગંધ, સ્પર્શ, ગતિ, જાતિ, બાદરતા, સૂક્ષ્મતા, સ્થાવરપણું, ત્રસપણું ઇત્યાદિ અપાવે છે.

**ગોત્ર**—જે કર્મને લીધે, જીવ ઊંચા કે નીચા કુળમાં જન્મે છે તે કર્મ ‘ ગોત્રકર્મ ’ કહેવાય છે. ઊંચા કુળમાં જન્મ થવામાં કારણરૂપ કર્મ ઉચ્ચ ગોત્રકર્મ અને નીચ કુળમાં જન્મ થવામાં કારણરૂપ કર્મ ‘ નીચ ગોત્રકર્મ ’ કહેવાય છે.

કુંભાર સાથે ગોત્રકર્મને સરખાવાય છે. કુંભાર એવા વાસણ બનાવે છે કે કેટલાકનો સારો ઉપયોગ તો કેટલાંકનો ખરાબ ઉપયોગ થાય છે. કોઈ એક વાસણમાં દૂધ પીવાય તો કોઇ એવા બીજા વાસણમાં મદિરા પીવાય. એવી રીતે ગોત્રકર્મ જીવને ઉચ્ચ કે નીચ ગોત્ર અપાવે છે.

**અંતરાય**—જીવની ઇચ્છા હોવા છતાં જે કર્મ તેને પોતાનું બળ વાપરવું, લાભ મેળવવો, દાન દેવું ઇત્યાદિ કાર્યો ન કરવા દે તે ‘ અન્તરાયકર્મ ’ કહેવાય છે.

અંતરાયકર્મને ભંડારી સાથે સરખાવાય છે. જેમકે રાજા કોઇને પૈસા આપવા માટે ભંડારીને કહે, પરંતુ ભંડારી તેનો અમલ ન કરે તો પૈસા ન મળે તેમ જીવને દાન દેવા વગેરે જાતની પ્રવૃત્તિ કરવી હોય પરંતુ આ કર્મ આડે આવે તો તે એવી પ્રવૃત્તિ ન કરી શકે.

આર્હત જીવનજ્યોતિ-પાંચમી કિરણાવળીમાંથી સાભાર ઉદ્ધૃત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મનનું પાપ

## સુનંદા રૂપસેનનો રાસ

### મંગલાચરણ–દુહા

પાર્શ્વ સંખેશ્વર પણમીને, મનોહર ગુરૂ પ્રણામ,
ધર્મ જિનવર સેવતાં, અવિચલ પામું ધામ;
શ્રુતદેવી સ્તવના કરૂં, કરવા કવિત રસાલ,
કર્મ બંધનને છેદિને, પામું મંગલ માળ. ૧

### ઢાળ પહેલી

મહિડાના દાણ અમો નહિ દિયે રે લાલ (દેશી)

ક્ષિતિ પ્રતિષ્ઠિત સોહામણી રે લાલ, નગરી સુંદર સુવિશાલ રે;
પૃથ્વીવલ્લભ નૃપતિ વસે રે લાલ, રાણી સુનંદા ગુણ ખાણ રે.
કર્મ તણી ગતિ સાંભળો રે લાલ ૧

નૃપ શિકારમાં રાચતો રે લાલ, નાખે મૃગલાને પાસ રે;
સંગીત નાદે મૃગ ભલા રે લાલ, પામે અતિહિ ત્રાસ રે. કર્મ૦ ૨

રાણી કહે સ્વામી સુણો રે લાલ, ત્રણ ભક્ષી મૃગ બાલ રે;
પ્રજાપાલક નૃપતિ થઇ રે લાલ, મકરો હત્યા કૃપાલ રે. કર્મ૦ ૩

નૃપ કહે સુણ પ્રેમદા રે લાલ, કરવો મૃગયા ખેલ રે;
ધર્મ ક્ષત્રીય નૃપતિતણો રે લાલ, પામવા અતિ રંગરેલ રે. કર્મ૦ ૪

રાણી કહે સ્વામી માહરા રે લાલ, આવું તુમારી સાથ રે;
કળા જોવાને કારણે રે લાલ, ઝાલી તુમારો હાથ રે. કર્મ૦ ૫

રાયરાણી વન સંચરે રે લાલ, સ્નેહી શિકારી વિશાલ રે;
વિણા મધુરી વાગતી રે લાલ, મૃગ આવે દેતા ફાળ રે. કર્મ૦ ૬

સેવક નૃપ આણા સુણી રે લાલ, કરતા બંધ વિણા નાદ રે;
સર્વે મૃગ નાસી ગીયા રે લાલ, એક રહ્યો ઉન્માદ રે. કર્મ૦ ૭

પૂર્વ સ્નેહે તે નિરખતો રે લાલ, રાણી તણું ચંદ્ર મુખ રે;
નૃપતિએ બાણ મારીયું રે લાલ, પાડ્યો મૃગ ઉન્મુખ રે. કર્મ૦ ૮

માંસ લાવી નૃપ મહેલમાં રે લાલ, કરતા ભોજન સંસ્કર રે;
નૃપ રાણી સાથે લીયે રે લાલ, પ્રેમે મધુર આહાર રે. કર્મ૦ ૯

અતિ સુંદર ભોજન બન્યું રે લાલ, પ્રીયા કહે સુણો શ્યામ રે;
આવી અનુપમ રસવતિ રે લાલ, દિઠી સુણ્યું નહિ નામ રે. કર્મ૦ ૧૦

એહવે સમયે મુનિ પેખીયા રે લાલ, ચઉવર જ્ઞાન ધરનાર રે;
કર્મતણી ગતિ જોવતાં રે લાલ, સ્મીત કરે તારણહાર રે. કર્મ૦ ૧૧



For Private And Personal Use Only

નૃપ કહે મુનિરાજીયા રે લાલ, દયાતણા ભંડાર રે;
અભક્ષાચાર માંસ ભક્ષનો રે લાલ, કહો કારણ રમીત શા રે. કર્મ૦ ૧૨

મુનિ કહે સુણ રાજવી રે લાલ, કર્મ કરતા નર જેમ રે;
તેથી અધિકું કોઈ પામતા રે લાલ, મન ચિંતિત ફળ તેમ રે. કર્મ૦ ૧૩

આવું દ્રશ્ય મેં પેખીયું રે લાલ, જેથી આવ્યું મુજ સ્મિત રે;
મોહ વસે જસ માંસનુ રે લાલ, કરતા ભોજન હરખીત રે. કર્મ૦ ૧૪

રાજા રાણીના આગ્રહથી રે લાલ, જાણી લાભ અપાર રે;
જ્ઞાનીતણી વાણી સુણો રે, પામો ભવજલ પાર રે. કર્મ૦ ૧૫

મનોહર ગુરૂ કૃપા થકી રે લાલ, મનમોહનં ઢાલ રસાલ રે;
રચના પ્રથમ તુમે સાંભળી રે લાલ, સુણતાં મંગલ માળ રે. કર્મ૦ ૧૬

## ઢાળ બીજી

તીર્થંકર પદ બાંધીયું (દેશી)

પૃથ્વીભૂષણ નગરી તણો, નૃપ કનકધ્વજ નામ મેરે લાલ;
રાણી યશોમતી તેહની, પુત્રી સુનંદા ગુણખાણ મેરે લાલ.
મોહની કર્મ સ્થિતિ સાંભળો. ૧૭

એક દિન કુમરી ગોખમાં, બેઠી નગરી નિહાળ મેરે લાલ;
પુરૂષ એક તસ નારીને, દિએ દંડ પ્રહાર મેરે લાલ. મોહની. ૧૮

દેખી દ્રશ્ય કરૂણાતણું, કુમરી ચિંતે નિજ મન મેરે લાલ;
નિષ્ઠુર પુરૂષ જાતને, અરપું નહિ મ્હારૂં તન મેરે લાલ. મોહની. ૧૯

કુમરી નિજ સખીને કહે, દેખ પુરૂષની જાત મેરે લાલ;
નહી સ્પૃહા મુજ લગ્નની, કહે જઈને મુજ માત મેરે લાલ. મોહની. ૨૦

સખી કહે સુણ સાહેલી, હજુ તું નહાની બાળ મેરે લાલ;
ઉમર થાતાં તું જાણશે, અનંગ સુખ રસાલ મેરે લાલ મોહની. ૨૧

છતાં વચન કુમરીતણું, સુણી કહે તસ માત મેરે લાલ;
કુમરી ઇચ્છા જાણી તમો, કરજો લગ્નતણી વાત મેરે લાલ. મોહની. ૨૨

એમ સમયને વિતતાં, યુવતી થઇ નૃપબાળ મેરે લાલ;
ગોખે બેસી જુએ પ્રેમનું, દંપતિ સુખ રસાલ મેરે લાલ. મોહની. ૨૩

હાસ્ય વિનોદ કરતાં થકાં, દંપતિ હર્ષ અપાર મેરે લાલ;
ખેલે ખેલ બહુ જાતના, જોતાં વિષય વિકાર મેરે લાલ. મોહની. ૨૪

(અપૂર્ણ)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ : પુસ્તક ૭૭ મું

સં ૨૦૧૬ના કાર્તિક માસથી આસો

# વાર્ષિક અનુક્રમણિકા

## ૧. પદ્ય વિભાગ


| | | | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | नूतन वर्षाभिनन्दनम् | ( मुनिश्री हेमचंद्रविजयजी ) | ૧ |
| ૨ | નૂતન વર્ષ વીક્રમ સંવત બે હજારની માંગલિક આશિષ | (મુનિ ભાસ્કરવિજયજી ) | ૨ |
| ૩ | શ્રી જૈન ધરમ પ્રકાશ જયવંતુ રહો | ( દુલભદાસ ત્રીભોવનદાસ ) | ૩ |
| ૪ | સાગર અને મેઘ | ( શ્રી બાલચંદ હીરાચંદ સાહિત્યચંદ્ર ) | ૪ |
| ૫ | શ્રી પાર્શ્વજિન સ્તવન | ( કાંતિલાલ વાંકાણી ) | ૧૭ |
| ૬ | પ્રાર્થના આક્રંદ | ( શ્રી બાલચંદ હીરાચંદ સાહિત્યચંદ્ર ) | ૧૮ |
| ૭ | શ્રી જિનેશ્વર ભગવંતની આરતી | ( ડભોઈના હસ્તલીખીત પાના ઉપરથી ) | ૩૩ |
| ૮ | શ્રી મહાવીરજિન પારણું | ( પં. રૈવતવિજયજી ગણિવર ( ડભોઈ ) | ૩૪ |
| ૯ | શ્રી મહાવીર જિન સ્તવન | ( શ્રી સુશીલાબેન ચીમનલાલ ઝવેરી ) | ૪૯ |
| ૧૦ | શ્રી સામાન્ય જિન સ્તવન | ( પૂ. આ શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજ ) | ૫૦ |
| ૧૧ | શ્રી નેમ જિન સ્તવન | ( શ્રી સુશીલાબેન ચીમનલાલ ઝવેરી ) | ૫૧ |
| ૧૨ | શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ છંદ | ( શ્રી બાલચંદ હીરાચંદ ) | ૫૮ |
| ૧૩ | શ્રી મહાવીર જન્મ મહોત્સવ | ( ભોજક મોહનલાલ ગીરધર ) | ૬૫ |
| ૧૪ | શ્રી ચૈત્રી પૂનમની સ્તુતિ | ( પૂ. મુનિરાજ નેમવિજયજી મહારાજ ) | ૬૬ |
| ૧૫ | દોહરા | ( ડો. ભગવાનદાસ મનસુખભાઈ મહેતા ) | ૮૧ |
| ૧૬ | સતી સૌદામિની | ( શ્રી બાલચંદ હીરાચંદ ) | ૮૨ |
| ૧૭ | શ્રી નેમજિન સ્તવન | ( શ્રી સુશીલાબેન ચીમનલાલ ઝવેરી ) | ૯૭ |
| ૧૮ | શિતલનાથ જિન સ્તવન | ( મુનિ મનમોહન વિજયજી ) | ૯૮ |
| ૧૯ | શ્રી સામાન્ય જિન સ્તવન | ( શ્રી રૂચકવિજયજી ) | ૧૧૩ |
| ૨૦ | પર્વ પર્યૂષણ મંગલકાર | ( દુલભદાસ ત્રીભોવનદાસ ) | ૧૧૪ |
| ૨૧ | सहयोग | ( राजमल भंडारी ) | १२९ |
| ૨૨ | કાળની વિષમતા | ( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર ) | ૧૨૯ |
| ૨૩ | મનનું પાપ (સુનંદા રૂપસેનનો રાસ) | ( મુનિ મનમોહનવિજય ) | ૧૪૨ |




For Private And Personal Use Only

## ૨. ગદ્ય વિભાગ

પૃષ્ઠ
૧ નૂતન વર્ષાભિનંદન (દીપચંદ જીવણલાલ શાહ) ૫
૨ પ્રભુનામનો જાપ એ સુલભ ધર્મ સાધના છે (શ્રી બાલચંદ હીરાચંદ સાહિત્યચંદ્ર) ૭
૩. શ્રી વર્ધમાન-મહાવીર ૨૮ (સ્વ મોતીચંદ ગીરધર કાપડીયા) ૧૦, ૨૨, ૩૬, ૫૨, ૬૭, ૮૬, ૯૯, ૧૧૫, ૧૩૦
૪ તીર્થંકરની વિભૂતિ : અતિશયો અને પ્રાતિહાર્યો (પ્રો. હીરાલાલ રસીકદાસ કાપડીયા) ૧૩, ૨૯, ૭૪
૫ શ્રી પ્રશ્નોત્તરસાર્ધ શતક-સાર્થ (આચાર્ય શ્રી વિજયમહેન્દ્રસુરીશ્વરજી મહારાજ) ૧૬, ૨૬, ૪૮, ૬૪, ૭૬, ૯૩, ૧૦૮
૬ सत्यं वद धर्मं चर (આકાશવાણી અમદાવાદમાં શ્રીયુત રસીકલાલ મ. પરીખે આપેલા એ વાર્તાલાપ પરથી) ૧૯
૭ એકાંતે સુખ અગર દુ:ખ હોતું જ નથી (શ્રી બાલચંદ હીરાચંદ) ૨૦
૮ અંતિમ પુરૂષાર્થ (શ્રી નર્મદાશંકર જ. શાસ્ત્રી) ૨૫
૯ योगीराज चिदानन्दजी के तीन अप्रकाशित पद (संग्राहक अगरचंद नाहटा) ૩૧
૧૦ ચિત્તશુદ્ધિ (શ્રી બાલચંદ હીરાચંદ) ૩૬
૧૧ श्रीमद् देवचंदजी रचित एक पदका विवेचन (अगरचंद नाहटा) ૪૨
૧૨ ચિત્ર દર્શન (શ્રી બાલચંદ હીરાચંદ) ૫૫
૧૩ आचार्य भद्रबाहु का सामुद्रिकशास्त्र (अगरचंद नाहटा) ૬૦
૧૪ આંતર શત્રુઓ ... ૬૨
૧૫ માનવદેહમાં વધુ શું છે (શ્રી બાલચંદ હીરાચંદ) ૭૧
૧૬ પૂર્વભવની લેણદેણ (મુનિ શ્રી નિત્યાનંદવિજયજી) ૭૮
૧૭ યોગદષ્ટિ (ડોક્ટર વલ્લભદાસ નેણશીભાઈ-મોરબી) ૮૦
૧૮ ભરેલો ઘડો છલકાતો નથી (શ્રી બાલચંદ હીરાચંદ) ૮૭
૧૯ જિન ચતુ સ્ત્રિંશદતિશય સ્તવ (સાનુવાદ) (પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડીયા) ૮૯
૨૦ उपाध्याय मेघविजय रचित चित्रकोष विज्ञप्ति लेख (અગરચંદ નાહટા) ૯૫
૨૧ પરવશતા એ દુ:ખ અને આત્મવશતા એ સુખ છે (શ્રી બાલચંદ હીરાચંદ) ૧૦૩
૨૨ મહપાણ (સં. મહાપાન કિંવા મહાપ્રાણ) ધ્યાન (પ્રો. હીરાલાલ રસીકદાસ) ૧૦૫
૨૩ ફરજ (અનંતરાય જાદવજી શાહ) ૧૧૦
૨૪ રૂપ અને સ્વરૂપ (શ્રી બાલચંદ હીરાચંદ) ૧૧૮
૨૫ युग प्रधानाचार्य गुर्वावलिमें भीमपल्ली के महत्वपूर्ण उल्लेख (અગરચંદ નાહટા) ૧૨૧
૨૬ જૈન સાહિત્યમાં ભગવદ્‌ગીતા (પ્રો. હીરાલાલ રસીકદાસ) ૧૨૪
૨૭ आत्म का स्वभाव (राजमल भंडारी) ૧૨૮
૨૮ છતી આંખે આંધળો કોણ ? (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર".) ૧૩૪
૨૯ ધરતીકંપ યાને ભૂકંપ (પ્રો. હીરાલાલ ર. કાપડિયા, એમ. એ.) ૧૩૬
૩૦ કર્મપ્રતિ અને તેના આઠ પ્રકાર ૧૩૮
૩૧ વાર્ષિક અનુક્રમણિકા ૧૪૩

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ઇનામી મેળાવડો

ભાવનગર શ્રી જૈન ધા. શિ. સંઘ તરફથી લેવાયેલી ચોથી વાર્ષિક ધાર્મિક પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા બાલક બાલિકાઓને પારિતોષિક આપવાનો એક મેળાવડો તા. ૨૭-૯-૬૧ રવિવારના રોજ બપોરના ત્રણ કલાકે શ્રી સમોવસરણના વંડામાં પૂ. આ. મહારાજ શ્રી વિજયોદયસૂરીશ્વરજી મહારાજ સાહેબ આદિ મુનિ ગણની નિશ્રામાં યોજવામાં આવ્યો હતો, જેમાં પ્રતિષ્ઠિત ગૃહસ્થો અને શ્રાવક શ્રાવિકાઓ તથા વિદ્યાર્થી ભાઇબહેનોની હાજરી સારા પ્રમાણમાં હતી.

આ મેળાવડામાં શ્રીયુત અમૃતલાલ કાળીદાસ શાહ (એડીશનલ જજ સાહેબ)ના હસ્તે વિદ્યાર્થી ભાઇ બહેનોને પ્રમાણપત્રો અને ઇનામો અને શિક્ષક ભાઇબહેનોને બોનસ આપવામાં આવ્યા હતા.


### માનવજીવનનું પાથેય

સંક્ષિપ્તમાં છતાં સરસ શૈલીએ તેમજ વચ્ચે વચ્ચે ટૂંકી ટૂંકી કથાઓ આપીને આ પુસ્તકમાં શ્રાવક જીવનને ઉપયોગી વિષયોનું સારી રીતે વિવેચન કરવામાં આવ્યું છે. એકંદર ત્રેવીશ વિષયોનો આ પુસ્તિકામાં સમાવેશ કર્યો છે.

શીલીકે નકલો ઘણી ઓછી છે. એંશી પાનાના આ પુસ્તકનું

મૂલ્ય માત્ર આઠ આના

લખો :-શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર

— પ્રસિદ્ધ થઇ ગયું છે. હવે ફક્ત થોડીક જ નકલો શીલીકે છે —

### ચોસઠ પ્રકારની પૂજાઓ અને કથાઓ સહિત

આ પુસ્તક પ્રસિદ્ધ થતાં જ તેની નકલો ચપોચપ ઉપડી રહી છે. આ જાતનું પ્રકાશન ઘણાં વર્ષો પછી થયેલ છે એટલે આપે આપની નકલ તરત જ મગાવી લેવી.

આ પુસ્તકમાં શ્રી નવપદજીની ઓળીમાં આઠે દિવસ ભણાવવાની પૂજાઓનો સુંદર અને હૃદયંગમ ભાષામાં સ્વ. શ્રીયુત કુંવરજી આણંદજીએ લખેલ અર્થ આપવામાં આવેલ છે જેથી પૂજાનો ભાવ સમજવામાં ઘણી જ સરલતા અને સુગમતા રહે છે. આ પૂજાઓમાં આવતી પચીશ કથાઓ પણ સરલ ભાષામાં આપવામાં આવી છે જેથી પુસ્તકની ઉપયોગિતામાં ઘણો જ વધારો થયો છે. શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા પણ અર્થ સાથે આપવામાં આવી છે.

ક્રાઉન સોળ પેજી આશરે ૪૦૦ પૃષ્ઠના આ પુસ્તકની કિંમત રૂ. ત્રણ રાખવામાં આવેલ છે.

લખો:-શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156


અપૂર્વ પ્રકાશન અવશ્ય વસાવો

# લલિત વિસ્તરા

કર્તા–સમર્થ વિદ્વાન મહર્ષિશ્રી હરિભદ્રસૂરીશ્વરજી

વિવેચનકર્તા–ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા M. B. B. S.

ક્રાઉન આઠ પેજી પૃષ્ઠ ૭૬૨, પાકું હોલક્લોથ બાઈંડીંગ, સુંદર છાપકામ

મૂલ્ય માત્ર રૂપિયા નવ

"શ્રી સિદ્ધર્ષિ" જેવા મહાવિદ્વાન આચાર્ય મહારાજશ્રી પણ જે ગ્રંથના વાચનથી જૈન ધર્મમાં સ્થિર થયા તેવા આ અપૂર્વ ગ્રંથનું મૂલ્યાંકન થઇ શકે નહિ. જૈન ધર્મનું હાર્દ સમજવા માટે તેમજ ચૈત્યવંદન–રહસ્ય સમજવા માટે આના જેવો ઉત્તમ કોટિનો કોઇ ગ્રંથ નથી. આ ગ્રંથને બાળજીવો અને સૌ કોઇ સરળ રીતે સમજી શકે તે માટે વિદ્વાન લેખક ડૉ. ભગવાનદાસે સુંદર વિવેચન આલેખ્યું છે અને તે અંગે પંચાંગી યોજના કરી છે.

અતિ આવશ્યક આવા ગ્રંથની પ્રશંસા કરવી તે સુવર્ણને ઓપ આપવા જેવું છે. હરેક ધર્મપ્રેમી ગૃહસ્થે અને લાયબ્રેરીના વ્યવસ્થાપકે આવો સુંદર ગ્રંથ વસાવી લેવો જોઇએ. કીંમત રૂપિયા નવ, પોસ્ટેજ અલગ.

લખો—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર

# જૈન રામાયણ

પ્રસિદ્ધ થઇ ગયું છે

[ શ્રી ત્રિષષ્ઠિ શલાકાપુરુષ ચરિત્ર–પર્વ ૭ મું ભાષાંતર ]

વર્ષોથી આ ગ્રંથની નકલ મળતી નહોતી.

- કલિકાળસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય મહારાજાની આ અપૂર્વ કૃતિનો રસાસ્વાદ માણવાનું રખે ચૂકતા.
- બળદેવ રામ, વાસુદેવ લક્ષ્મણ, પ્રતિવાસુદેવ રાવણ, એકવીશમા તીર્થંકર શ્રી નમિનાથ ભગવંત, ચક્રવર્તીઓ હરિષેણ તથા જયના મનોમુગ્ધકર ચરિત્ર, ઉપદેશક શૈલી અને રસિક હકીકતોથી પરિપૂર્ણ આ ગ્રંથ અવશ્ય વસાવી લેશો.

મૂલ્ય રૂા. ચાર (પોસ્ટેજ અલગ)

લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર


પ્રકાશક : દીપચંદ જીવણલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર
મુદ્રક : ગીરધરલાલ ફુલચંદ શાહ, સાધના મુદ્રણાલય–ભાવનગર

For Private And Personal Use Only